અપીલ અરજી નં.૬૩/૬૪ તા.૧૧–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિપુલ પટેલ
સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિપુલ પટેલની તા.૧૪/૧૫–૫–૦૯ ની અરજીથી તા.૧–૧–૦૯ થી તા.૧૩–૫–૦૯ સુધી જાહેર માહિતી અધિકારીના ડીપાર્ટમેન્ટમાં આરટીઆઈ એકટ હેઠળ અન્ય વ્યકિતઓ ધ્વારા માંગવામાં આવેલી માહિતીની નકલ, માહિતી માંગનારનું નામ તેમજ સરનામું , અને માહિતીનો વિષય તેમજ માંગેલ માહિતીના સંદર્ભે આપવામાં આવેલ જવાબની નકલ વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–***અરજદાર મજકુરની તા.૧૧–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૩/૬૪/૨૦૦૯–૧૦

શ્રી વિપુલ પટેલની તા.૧૪/૧૫–૫–૦૯ ની અરજીથી તા.૧–૧–૦૯ થી તા.૧૩–૫–૦૯ સુધી જાહેર માહિતી અધિકારીના ડીપાર્ટમેન્ટમાં આરટીઆઈ એકટ હેઠળ અન્ય વ્યકિતઓ ધ્વારા માંગવામાં આવેલી માહિતીની નકલ, માહિતી માંગનારનું નામ તેમજ સરનામું, અને માહિતીનો વિષય તેમજ માંગેલ માહિતીના સંદર્ભે આપવામાં આવેલ જવાબની નકલ વિગેરે માહિતી આપવા બાબતે અનુક્રમે આર.ડી.ડી/આ.નં.૧૫૭ અને ૫૨૦ તા.૨૮–૫–૦૯ અને તા.૩૦–૫–૦૯ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૨ તા.૧૮–૬–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તથા આરટીઆઈ સેલ/૨૮૪ તા.૧૮–૬–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સ ેલ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના રોડ વિભાગ તરફથી આરડીડી/આ.નં.૧૯૧ તા.૨૦–૬–૦૯ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે અન્ય વિભાગ ડ્રેનેજ, હાઈડ્રોલીક,બ્રીજ વિભાગ તરફથી પૂરક માહિતી મળેલ નથી. જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એસયુસી/૫૬૯ તા.૨૨–૬–૦૯ થી પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૧૪/૧૫–૫–૦૯ ની સીટી ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી તથા કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશનસેલના ખાતઓમાં તા.૧–૧–૦૯ થી ૧૩–૫–૦૯ સુધી આરટીઆઈ એકટ હેઠળ અન્ય વ્યકિતઓ ધ્વારા માંગવામાં આવેલી માહિતીની નકલ, માહિતી માંગનારનું નામ તેમજ સરનામું, અને માહિતીનો વિષય તેમજ માંગેલ માહિતીના સંદર્ભે આપવામાં આવેલ જવાબની નકલ વિગેરે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને સીટી ઈજનેરશ્રી તરફથી આરડીડી/૧૫૭ અને ૫૨૦ અનુક્રમે તા.૨૮–૫–૦૯ અને તા.૩૦–૫–૦૯ ના પત્રથી આપેલ માહિતી તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના આ.નં.૩૮૫ તા.૨૫–૫–૦૯ ના રોજ મળેલ પ્ર ત્યુત્તરથી નારાજ થઈ કાયદાની જોગવાઈ માહિતી આપવા માટે લાગુ પડતી ન હોય અને તેમના ધ્વારા અમે માંગેલી માહિતી માટે અપીલ કરવા જણાવેલ જે ધ્યાને લઈ માહિતી આપવા અરજદારે અપીલમાં રજૂઆત કરેલ છે. જેથી અપીલ તબકકે અરજદારની માંગણી કાયદાકીય જોગવાઈ અનુસાર માહિતી આપવા સબંધે છે. અરજદારને કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી એસયુસી/૩૮૫ તા.૨૫–૫–૦૯ તથા એડીશનલ સીટી ઈજનેર તરફથી આરડીડી/ આ.નં.૧૫૭ તા.૨૮–૫–૦૯ ( રોડ વિભાગ)અને આરડીડી/૫૨૦ તા.૩૦–૫–૦૯ (હાઈડ્રોલીક) વિભાગ તરફથી કલમ–૮(૧) (જ) ની જોગવાઈઓ અનુસાર નિકાલ કરેલ છે. જયારે બ્રીજ સેલ વિભાગ તરફથી બ્રીજ સેલ/આરટીઆઈ/આ.નં.૨ તા.૩–૬–૦૯ ના પત્રથી અને ડ્રેનેજ વિભાગના ડીએનજી/આરટીઆઈ/આ.નં. ૪ તા.૮–૬–૦૯ ના પત્રથી ચોકકસ વિષયે માહિતી માંગવામાં આવેલ નથી કોઈ વિષયે માહિતી માંગવામાં આવશે તો માહિતી પૂરી પાડવામાં આવશે તેવો પ્રત્યુત્તર અરજદારને પૂરો પાડવામાં આવેલ છે. અરજદારની અપીલના અનુસંધાને તા.૨૫–૬–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવા અંગે અરજદાર તથા જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર અને એડીશનલ સીટી ઈજનેરને નં.આરટીઆઈ સેલ/૨૯૨ તા.૨૨–૬–૦૯ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સુનાવણી સમયે અરજદાર ૫.૫૦ કલાકે પણ હાજર રહેલ ન હતાં જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ અને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વતી રોડ વિભાગના તેમજ ડ્રેનેજ વિભાગના ડે.ઈજનેર અને બ્રીજ વિભાગના આસી. ઈજનેર સુનાવણી સમયે હાજર રહીને રજૂઆતો કરી હતી. આરટીઆઈ અકટની કલમ–૮(૧)(જ) અને કલમ–૧૧ હેઠળની જોગવાઈઓ હેઠળ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. અરજદારે જાહેર સ્ત્રોત હેઠળના કોઈ ખાતાકીય માહિતી માંગવાને બદલે અત્રેના ખાતઓમાં તા.૧–૧–૦૯ થી તા.૧૩–૫–૦૯ સુધી આવેલ અન્ય વ્યકિતઓ ધ્વારા આવેલ આરટીઆઈ હેઠળ આવેલ અરજીઓની માંગવામાં આવેલ માહિતીની નકલ તથા આપેલ જવાબની નકલ માંગેલ છે. જે જાહેર સત્તા મંડળના કાર્યક્ષમ સંચાલનના દષ્ટ્રિકોણથી એક બીજા અરજદારોની આવેલ અરજીઓની નકલો આપી દેવી જાહેર હિતમાં ન હોય આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારી એ ઈન્કાર માટે જણાવેલ કલમ–૧૧ ત્રાહિતને લગતી અથવા ત્રાહિત ધવારા પૂરી પડાયેલ અને ખાનગી ગણેલ માહિતીને સ્પર્શતી છે. જયારે કલમ૮(૧) (જ) – જે માહિતી જાહેર કરવાથી વ્યકિતની શારીરિક સલામતી કે જીંદગી જોખમમાં મુકાતી હોય અથવા કાયદાના અમલની બજવણી માટે કે સુરક્ષાના હેતુસર ખાનગી રાહે આપેલ મદદ કે માહિતીનો સ્ત્રોત ઓળખી બતાવે તેની માહિતી જાહેર કરવામાંથી અપવાદ હેઠળ ઠરાવેલ છે.

પ્રસ્તુત કિસ્સામાં આરટીઆઈ એકટ હેઠળની અરજી ધ્યાને લેતાં ત્રાહિત ધ્વારા પૂરી પાડેલ અને ખાનગીનો અપવાદ કાયદાના હાર્દ અને જોગવાઈ જોતાં સીધો સ્પર્શતો જણાતો નથી. પરંતુ કલમ–૮(૧)(જ) નો અપવાદ ઈન્કાર માટે યોગ્ય ગણવા પાત્ર જણાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૪/૧૫–૫–૦૯ ની મૂળ અરજીમાં જાહેર સ્ત્રોત હેઠળ વ્યાપક જાહેર હિતનું સમર્થન કરતી કોઈ માહિતી માંગેલ જણાતી નથી માત્ર નિશ્ચિત સમયગાળા દરમ્યાન આરટીઆઈ હેઠળ અન્ય અરજદારોએ માંગેલ માહિતી અરજીની તથા આપેલ માહિતીની નકલો વિગેરે માંગેલ છે. જે કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈ અનુસાર સંઘર્ષમયી બાબતો સાથે સંવાદિતા જાળવવાનો ઉદ્દેશ ધ્યાને લેતાં જાહેર કરવા પાત્ર થાય નહીં જેથી જાહેર માહિતી અધિકારીએ કરેલ ઈન્કાર બહાલ રાખવામાં આવે છે અને અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી વિપુલ પટેલ